KRISHNA
CAPITAL & SECURITIES LTD.

August 13, 2019

To,
**The Secretary,**
Department of Corporate Services,
BSE Limited,
25th Floor, Phiroj Jeejeebhoy Tower,
Dalal Street, Fort,
Mumbai: 400 001

Dear Sir/Madam,

Ref: **Company Code: 539384**
Sub: **Newspaper Publication: Intimation of Board Meeting**

As required under Regulation 47 of SEBI (LODR), Regulations, 2015, please find enclosed herewith newspaper advertisement Dated 13/08/2019 as published under the Companies Act, 2013 and rules made there under in Lok Mitra (Vernacular Language) and Freepress (English daily) in connection with the notice to consider and approve the un-audited Financial Results for the **First** quarter ended **June 30, 2019.**

Kindly take the same on record.

Thanking you,

Yours faithfully,
For, **Krishna Capital & Securities Limited**

Ashok Agrawal

**Ashokkumar Agrawal**
**(Managing Director)**
(DIN 00944735)

**REGD. OFFICE :** 403, Mauryansh Elanza, B/h. Parekh Hospital, Shyamal Cross Road, Satellite, Ahmedabad-380 015.
**Tel.** : (079) 2676 8572, 2676 8573 **Fax** : + 91 - 79 - 2676 8572
**CIN** : L67120GJ1994PLC023803 **E-mail** : ksbspl@yahoo.in **Website** : www.kcsl.co.in

ભૈયા મેરી રાખી કે બંધન કો ન ભુલાના..........

# રક્ષાબંધન એટલે ભાઈ-બહેનનો અલૌકિક પ્રેમ અને પવિત્ર ભાવનાનો પ્રતિક તહેવાર



ગાંધીનગર, માનવજાતમાં ‘મા’નો પ્રેમ અને શુશ્રુષા બીજું કોઈ જ દાખવી ન શકે. માતૃપ્રેમ પછી જગતમાં ભગિની પ્રેમનું સ્થાન છે. આ બે સંબંધોની તોલે જગતમાં બીજો કોઈ સબંધ ન આવે. પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્નિ વગેરેના પ્રેમમાં માત્ર સ્વાર્થ હોય છે. જ્યારે માતૃપ્રેમ અને ભગિની પ્રેમ નિઃસ્વાર્થ, નિષ્કલંક અને પવિત્ર હોય છે. એ પ્રેમને કેળવણી, જ્ઞાન, ધન કે બીજી કોઈ વસ્તુ સાથે સંબંધ નથી. શહેરી કે ગામડિયણ, ભણેલી કે અભણ પ્રત્યેક માતા અને બહેનના હૃદય મધ્યે માત્ર બાળક અને ભાઈ માટે નિઃસ્વાર્થ પવિત્ર પ્રેમ જ હોય છે.ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ માટે આપણી ધર્મ-સંસ્કૃત્તિએ બે તહેવારોની પણ ઉજવણી રાખી છે.ભાઈબીજ અને બળેવ. ભાઈબીજને દિવસે ભાઈ બહેનને ત્યાં જમવા જાય છે અને ભાઈ પોતાની શક્તિ પ્રમાણે બહેનને વીરપસલી ધરે છે. જ્યારે બળેવને દિવસે બહેન ભાઈ ને ત્યાં આવે અને ભાઈને રાખડી બાંધી શુભ અને દિર્ઘાયુ ઈચ્છે છે. ભાઈ યથાશક્તિ હૃદયપૂર્વકની લાગણીથી પોતાની ભેટ ધરે છે. બહેન કેવળ ભાઈના સ્નેહની જ ભૂખી હોય છે.એ તો ભાઈ ને ફક્ત એટલું જ કહે છે “ “ભૈયા મેરી રાખી કે બંધન કો ન ભુલાના”. ભારતના ઈતિહાસમાં મુગલ રાજા હુમાયુ અને રજપૂત રાણી કર્ણાવતીના રક્ષાબંધનનો પ્રસંગ ભાઈ-બહેનના હેત માટે જાણીતો છે. કર્ણાવતીએ મુગલ રાજા હુમાયુને રાખડી મોકલી પોતાનો ધર્મનો ભાઈ બનાવ્યો અને એ રાજા ધર્મ, જાતિ અને દેશના ભેદ ભૂલીને બહેનની મદદે દોડી ગયો હતો. ભાઈ-બહેનના પવિત્ર સ્નેહ માટે આપણી ધર્મ-સંસ્કૃત્તિએ બે તહેવારોની પણ ઉજવણી રાખી છે.ભાઈબીજ અને બળેવ. ભાઈબીજને દિવસે ભાઈ બહેનને ત્યાં જમવા જાય છે અને ભાઈ પોતાની શક્તિ પ્રમાણે બહેનને વીરપસલી ધરે છે. જ્યારે બળેવને દિવસે બહેન ભાઈ ને ત્યાં આવે અને ભાઈને રાખડી બાંધી શુભ અને દિર્ઘાયુ ઈચ્છે છે.આપણા અર્વાચીન કવિઓ- મેઘાણી, ન્હાનાલાલ અને બોટાદકરે અને પ્રત્યેક સાહિત્યકારોએ ભાઈ-બહેનના નિઃસ્વાર્થ પ્રેમ માટે ઘણું ઘણું લખ્યું છે. લોક સાહિત્યમાં ભાઈ-બહેનના હેત માટે હૃદયને સ્પર્શી જાય એવાં ઘણાં ગીતો પણ મળી આવે છે. બેનડીના મુખમાંથી નીકળતા શબ્દો, ‘ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ’ સાંભળી ક્યા ભાઈનું હૃદય નહિ સમાતું હોય?. બહેનના આશિષ માટે એનો વીરો આપી આપીને પણ શું આપવાનો? વિશ્વની કોઈપણ અમુલ્ય ભેટ પણ બહેનના પવિત્ર સ્નેહ પાસે તુચ્છ જ ગણાય. શહેરી કે ગામડિયણ, ભણેલી કે અભણ પ્રત્યેક માતા અને બહેનના હૃદય મધ્યે માત્ર બાળક અને ભાઈ માટે નિઃસ્વાર્થ પવિત્ર પ્રેમ જ હોય છે.આ અલૌકિક, નિઃસ્વાર્થ અને હૃદયના તાંતણે બંધાયેલા હર્યાભર્યા ભાઈ-બહેનના હેતના વર્ણન માટે તો જગતના મહા કવિઓ કલમ ચલાવે તોય એમાં અપૂર્ણતા જ રહેશે. વિશ્વના પ્રત્યેક ભાઈ માટે આ પવિત્ર રક્ષાબંધનનો તહેવાર જીંદગીના નિઃસ્વાર્થ પવિત્ર પ્રેમનું અવિરત ઝરણું અને સંભારણું બની રહે છે. ★



પ્રથમ જ્યોર્તિલિંગ શ્રી સોમનાથ મંદિરે પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતીન ભાઇ પટેલ એ પરિવાર સાથે શ્રી સોમનાથ મહાદેવની પ્રાતઃઆરતી, દર્શન,ધ્વજાપુજા કરી શ્રી સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા, શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર સાહેબ શ્રી દ્વારા નાયબ મુખ્યમંત્રી શ્રી ને સાલ ઓઢાડી શ્રી સોમનાથ મહાદેવનું સ્મ્રુતિ ચિહ્ન આપી સન્માન કરવામાં આવેલ. ★

# ભારતને જેણે ખાસ બનાવ્યું તેવા ભારતીયો સાથે આગામી સ્વતંત્રતા દિવસની ઉજવણી કરો





અમદાવાદ, ભારતના ૭૩માં સ્વાતંત્ર્ય દિને એપિક ચેનલ એવા ભારતીયોની ઉજવણી કરી રહી છે જેમણે આપણને એક દેશ તરીકે બાંધવાના ઉત્સાહને મૂર્તિમંત કર્યો છે. સ્વાતંત્ર્ય સેનાનીઓથી લઈને મુક્ત વિચારધારા ધરાવતા વ્યક્તિઓ સુધી, ઈન્ડિયા કા અપના ઈન્ફોટેઈનમેન્ટ, એવા અદ્વિતીય પુરુશો અને મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે એવી પ્રખર સ્વતંત્રાતા, સ્વ-નિર્ધારણ અને સંકલિતતાનો સમાવેશ કરે છે જે આપણા રાષ્ટ્રની ઓળખ આપે છે. સ્વતંત્રતા દિન પ્રિમીયર થતો આ શો એક ખાસ ફીચર છે, જેનું ટાઈટલ છે ‘સાયબર યોદ્ધા’, જેનું સંચાલન સર્વતોમુખી અભિનેતા આશુતોષ રાણા દ્વારા કરવામાં આવશે જે પ્રેક્ષકો સમક્ષ સાયબર સિક્યોરિટી નિષ્ણાત ત્રિશનીત અરોરાને રજૂ કરશે જે વૈશ્વિક સાયબર સંરક્ષણની અગ્ર હરોળમાં છે. એપિક ચેનલના કન્ટેન્ટ અને પ્રોગ્રામીંગ વડા અકુલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, “એક ચેનલ જે ભારતની ઉજવણી કરે છે તેના માટે સ્વાતંત્રતા દિન નિઃશંકપણે ખાસ છે. આપણો અસાધારણ દેશ અસાધારણ લોકોથી બનેલો છે. ચાલુ વર્ષે આપણે તેમની, તેમની સિદ્ધિઓ, તેમની સમર્પિતતા અને તેમની કુશળતાની ઉજવણી કરીએ છીએ, જેણે યુવા ભારતીયોની પેઢીને સતત પ્રેરણા પૂરી પાડતી રહી છે.” –

# દ્વારકા પંથકમાં વીજતંત્રના પાપે ખેડૂતો પરેશાન



દ્વારાકા, દ્વારકા તાલુકાના મોટા ભાગના ગામડાઓમાં વીજ પુરવઠો પૂરતા ના મળતા બુધવારે ખેડૂતો પી.જી.વી.સી.એલ.ની ઓફિસે જવાને બદલે ઓખા પી.જી.વી.સી.એલ.ના આધિકારીઓને જ સ્થળ પર બોલાવી પોતાની સમસ્યાનો હલ કરવા માટે ફરિયાદ કરી હતી. દ્વારકા તાલુકાના મોટા ભાગના ગામોમાં વીજ પુરવઠો અપૂરતો અને અનિયમિત મળતો હોવાની ફરિયાદો વારંવાર કરવામાં આવે છે. દ્વારકા તાલુકામાં છેલ્લા ચાર વર્ષથી વરસાદ અપૂરતો પડે છે. મોટા ભાગની જમીન ભેજ અને ખારસ વાડી હોવાથી ખેડૂતોને વરસાદ એક વિકલ્પ છે. હાલમાં પણ વરસાદ ખેચાતા બોર અથવા કુવાનું પાણી સીંચીને પોતાના પાકને બચાવવાનો પ્રયાસ ખેડૂતો કરી રહ્યા છે.પરંતુ વીજ પુરવઠો નિયમિત મળતો ના હોવાથી મોટા ભાગનો પાક નિષ્ફળ જવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે.

# ઉટેવા ગામે દૂધ મંડળીના હિસાબની માંગ કરતાં મહિલા અને તેના પતિને માર પડ્યો

બારડોલી, સુરત જિલ્લાના માંડવી તાલુકાનાં ઉટેવા ગામે ડુંગરી ફળિયામાં મહિલા દૂધ મંડળીના મકાનમાં તા-૨૫ જુલાઇના રોજ સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મંડળીના પ્રમુખ, મંત્રી, વહીવટકર્તા, સમિતિ સભ્યો તથા દૂધ મંડળીના સભાસદો ઉપસ્થિત હતા. સભામાં એક મહિલા સભાસદે મંડળીના હિસાબ બાબતે તેમજ છેલ્લા ત્રણ વર્ષથી ભાવ ફેર બાબતે અને હિસાબોમા ગોટાળો કરવામાં આવે છે તેમ કહી મંડળીના વહીવટદારને બદલી કાઢવાની વાત કરતાં સભામાં ઉપસ્થિત બે મહિલા સહિત ૮ જણાએ મહિલા સભાસદ તેમજ તેમના પતિને ઢીક મુક્કીનો માર મારી ઈજા પહોંચાડતા ચકચાર મચી ગઈ છે. આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લાના માંડવી તાલુકાનાં ઉટેવા ગામે ડુંગરી ફળિયામાં રહેતા ચીમનભાઈ રાણજીભાઈ ચૌધરી (૫૨) નાઓ ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરી ગુજરાન ચલાવે છે.

ચીમનભાઈની પત્ની વિનાબેન ચૌધરી નાઓ ડુંગરી ફળિયામાં આવેલ મહિલા દૂધ મંડળીના સભાસદ છે. તા-૨૫ જુલાઇના રોજ બપોરના ૧ વાગ્યાની આસપાસ દૂધ મંડળીના મકાનમાં સાધારણ સભા રાખવામા આવી હતી. જેમાં મંડળીના પ્રમુખ, મંત્રી, વહીવટકર્તા, કમિટી સભ્યો તથા દૂધ મંડળીના સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. સભાની શરૂઆત થઈ ત્યારે તેમાં ચર્ચા દરમ્યાન વિનાબેન ચીમનભાઈ ચૌધરી નાઓએ મંડળીના હિસાબ બાબતે તેમજ છેલ્લા ત્રણ વર્ષથી ભાવ ફેરના પૈસા તેમજ ખાણદાણના હવાલો ખોટી રીતે પાડેલ અને હિસાબોમા ગોટાળો કરે છે જેથી વહીવટદાર માકતાભાઈ સુકાભાઈ ચૌધરી નાઓને બદલી કાઢવાની વાતો કરી હતી. જેથી રતિલાલભાઈ ભૂલાભાઈ ચૌધરી, માકતાભાઈ સુકાભાઈ ચૌધરી, દેવસિંગભાઈ નટવરભાઇ ચૌધરી, નટવરભાઈ ઠાકોરભાઈ ચૌધરી, મુકુંદભાઈ માકતાભાઈ ચૌધરી, જયેશભાઈ ઉર્ફે ચકો હસમુખભાઈ ચૌધરી, લીલાબેન નારણભાઈ ચૌધરી, તથા પુષ્પાબેન બાલુભાઈ ચૌધરી (તમામ રહેમ ઉટેવા ગામ, ડુંગરી ફળિયું, તા-માંડવી) નાઓ એકદમ ઉશ્કેરાય જઇ ચીમનભાઈ તેમજ તેમની પત્ની વિનાબેનને અપશબ્દો બોલી ઢીકમુક્કીનો માર મારી ઈજા પહોંચાડી હતી. ત્યાં ઉપસ્થિત કેટલાક લોકો વચ્ચે પડતાં તેમને વધુ મારથી બચાવ્યા હતા. વિનાબેન અને ચીમનભાઈને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે ચીમનભાઈએ માંડવી પોલીસ સ્ટેશનમાં બે મહિલા સહિત ૮ જણા વિરુધ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધામિકા કાઈ સિતોરીયું કરાટે ડો દ્વારા સેકન્ડ નેશનલ ગોલ્ડ કોઈન ટૂર્નામેન્ટ યોજાશે

અમદાવાદ, હરજિન્દરસિંઘ. આર. ગીલ કે જેઓ ફિફ્થ દાન કરાટેમાં બ્લેક બેલ્ટ છે. તેઓ કરાટે ક્ષેત્રે વધારે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માંગે છે જેથી તેમને પ્રોત્સાહન મળી રહે તે માટે જુદી-જુદી ઈવેન્ટ ઓર્ગનાઈઝ કરતા હોય છે. ત્યારે આ વખતે પણ ધામિકા કાઈ સિતોરીયું કરાટે ડો દ્વારા ગયા વર્ષની જેમ આ વર્ષે પણ સેકન્ડ નેશનલ ગોલ્ડ કોઈન ટૂર્નામેન્ટ યોજાશે. ટૂર્નામેન્ટની ખાસિયત એ રહેશે કે, પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થીને ૨ ગ્રામનો સોનાનો સિક્કો આપવામાં આવશે જ્યારે બીજા અને ત્રીજા નંબરે આવનારને પણ ૧૦ ગ્રામ ચાંદીના સિક્કાઓ આપવામાં આવશે. આ ટૂર્નામેન્ટ ૧૮ ઓગષ્ટના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હૉલ, નવા વાડજ, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. જેમાં જુદી-જુદી કેટેગરીમાં કરાટેનો જ એક ભાગ કુમિતે (ફાઈટ) કોમ્પિટિશન થશે. આ સ્પર્ધા સવારથી લઈને સાંજ સુધી ચાલશે. આ અંગે કરાટનેના માસ્ટર અને આ કોમ્પિટિશન યોજનાર હરજિન્દરસિંઘ. આર. ગીલે કહ્યું હતું કે, મારો ઉદ્દેશ્ય નવી જનરેશનને સેલ્ફ ડીફેન્સ પ્રત્યે જાગૃત કરવાનો અને કરાટે થ્રુ શિસ્ત તેમજ એક સારા નાગરીક બનાવવાનો છે. જે હેતુથી આ પ્રકારની કોમ્પિટિશન યોજી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીએ છીએ. જેમાં દરેક પ્રકારની કેટેગરીના પ્લેયર સામેલ હશે. જેમાં ૪૦ કેટેગરીનો સમાવેશ આ ટૂર્નામેન્ટમાં કરવામાં આવ્યો છે જેમાં દરેક કેટેગરીમાં ૧૬ સ્પર્ધક હશે. (૨૦-૪)

# “હેલ્લારો” ફિલ્મને ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરષ્કાર મળ્યા



અમદાવાદ, ગુજરાતી ભાષા અને સંસ્કૃતિથી તરબતર “હેલ્લારો” નામની ગુજરાતી ફિલ્મ આ વર્ષના ઓક્ટોબર માસમાં રીલીઝ થવાની છે. પરંતુ આ ફિલ્મના પડઘમ એવા છે કે, લોકો આતુરતાથી ફિલ્મ સિને પડદે નિહાળવા માટે રાહ જોઈ રહ્યા છે. કેમ કે, આ ફિલ્મ ભારત સરકાર દ્વારા અપાતા ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરષ્કારમાં શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ ઘોષિત કરવામાં આવી છે. રીલીઝ થતા પહેલા જ લોકોએ તેને તાળીઓથી વધાવી લીધી છે. ફિલ્મની સ્ટોરીને લઈને પહેલાથી જ લોકોમાં ચર્ચાઓ સેવાઈ રહી હતી. “હેલ્લારો” ફિલ્મ સારથી પ્રોડક્શન અને હરફનમૌલા ફિલ્મ્સ (અમદાવાદ) ના બેનર હેઠળ બની છે. ફિલ્મના મુખ્ય નિર્માતા આશિષ પટેલ, જ્યારે સહ-નિર્માતા અભિષેક શાહ, આયુષ પટેલ, મિત જાની અને પ્રતિક ગુપ્તા છે. ૧૯૭૫ના કચ્છની પાર્શ્વ ભૂમિ પર બનેલી હેલ્લારોના દિગ્દર્શક અભિષેક શાહ ગુજરાતી ફિલ્મોના જાણીતા કાસ્ટિંગ ડીરેક્ટર છે અને ઘણા વર્ષોથી લેખક-દિગ્દર્શક-અભિનેતા તરીકે ગુજરાતી રંગભૂમિ સાથે જોડાયેલા છે. અભિષેક શાહ દ્વારા લખાયેલી આ વાર્તાનો સ્ક્રીન-પ્લે લખવાનું કામ તેમની સાથે પ્રતિક ગુપ્તા એ કર્યું છે. જેમને અને મીત જાનીએ મળીને કરેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ “ગુંગા પહેલવાન” માટે ૨૦૧૪ના વર્ષમાં નવોદિત દિગ્દર્શકનો રાષ્ટ્રીય ફિલ્મ પુરષ્કાર મળ્યો હતો. ગુજરાતની પાકિસ્તાન સરહદના છેવાડાના ગામ, કુરનની સીમ પાસે અફાટ રણ ની વચ્ચો-વચ “હેલ્લારો”નો સેટ બનાવવામાં આવ્યો હતો અને ધગધગતી ગરમીમાં હાડમારીઓ વચ્ચે લગભગ ૨૫૦ કલાકાર-કસબીઓએ આ ફિલ્મના વિશ્વને જીવંત કરી દીધું. (૨૦-૪)

# ફિશિંગ ઈમેલ્સથી ૨ ભારતીય કંપનીઓમાંથી ૧ કંપની પર સાયબર એટેક થયો હતો સર્વેનાં મુખ્ય તારણો

અમદાવાદ, નેટવર્ક અને એન્ડપોઈન્ટ સીક્યોરિટીમાં ગ્લોબલ લીડર સોફોસ (LSE: SOPH)એ આજે એનાં ગ્લોબલ સર્વે ધ ઈમ્પોસ્સિબલ પઝલ ઓફ સાયબરસીક્યોરિટીનાં તારણોની જાહેરાત કરી હતી, જેમાં ખુલાસો થયો છે કે, આઈટી મેનેજર્સ તમામ દિશાઓમાંથી અનેક સાયબર હુમલાઓનો સામનો કરે છે તથા સુરક્ષાની કુશળતા, બજેટ અને અત્યાધુનિક ટેકનોલોજીનાં અભાવે તાલમેળ જાળવવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે. સર્વેમાં ૩,૧૦૦ આઈટી મેનેજર્સનો સર્વે થયો હતો, જેઓ અમેરિકા, કેનેડા, મેક્સિકો, કોલંબિયા, બ્રાઝિલ, બ્રિટન, ફ્રાંસ, જર્મની, ઓસ્ટ્રેલિયા, જાપાન, ભારત અને દક્ષિણ આફ્રિકામાં મિડ-સાઈઝ વ્યવસાયોનાં છે. સાયબર અપરાધીઓ મહત્તમ અસર કરવા માટે એટેક કરવાની વિવિધ પદ્ધતિઓ અને પેલોડનો ઉપયોગ કરે છે. સોફોસ સર્વે દર્શાવે છે કે, એટેક કરવાની ટેકનિક કેવી રીતે અલગઅલગ અને વિવિધ તબક્કામાં હોય છે તથા ઘણી વાર નેટવર્કને બચાવવા મુશ્કેલીમાં વધારો થાય છે. સર્વેમાં સામેલ છમાંથી એક આઈટી મેનેજરને ખબર નહોતી કે, તેમનાં નેટવર્કની સીક્યોરિટીનું ઉલ્લંઘન થયું હતું અને એટેક કરવાની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થવાથી કોઈ એક ડિફેન્સિવ સ્ટ્રેટેજી અસરકારક નથી.(૧)

# પારદર્શિતા અને વ્યક્તિગતકરણે ઓનલાઇન રીટેઈલર્સ માટે આગામી ફ્રન્ટીયર્સ છે યુપીએસ અભ્યાસ મેળવવા માટે

અમદાવાદ, ગ્લિટઝી(glitzy) વેબસાઈટ અથવા આધુનિક એપ્લિકેશન આજના સમજદાર ઓનલાઈન ખરીદદારોને સંતોષવા માટે પૂરતી નથી. તેઓ ફી પર સ્પષ્ટ પારદર્શકતાની માંગ કરે છે, વિતરણ પ્રક્રિયા પર નિયંત્રણ, સ્પષ્ટ રીતે જણાવેલ વળતર નીતિ અને વફાદારી પારિતોષિકો ૨૦૧૯ યુપીએસ થી નવા સંશોધન અનુસાર અભ્યાસ થયો છે. (એનવાયએસઈ: યુપીએસ) (NYSE: UPS) Pulse of the Online ShopperTM ૨૦૧૯ના અધ્યયનમાં ઑનલાઈન ખરીદદારો યુપીએસ પલ્સ, યુ.એસ., એશિયા, યુરોપ, કેનેડા, મેક્સિકો, બ્રાઝિલ અને પ્રથમ વખત ભારત સહિતના ૧૫ દેશો અને પ્રદેશોમાં વિકસતા વલણો, પસંદગીઓ અને અપેક્ષાઓને પકડશે. આ અભ્યાસ ભારતમાં ખરીદદારો વિશેની રસપ્રદ આંતરદષ્ટિ પ્રગટ કરે છે. ભારતીય ખરીદદારો સૌથી ગુણવત્તાવાળા સભાન છે, પાછા ફરતા ઉત્પાદનોમાં વધુ સક્રિય છે અને ફરિયાદોની સંભાવના પણ વધારે છે. ભારતમાં ગુણવત્તાની બાબતો સૌથી વધુ છે (આ કારણોસર ખરીદદારો ૬૬% આંતરરાષ્ટ્રીય ખરીદી કરે છે), ત્યારબાદ ડિલિવરીનો ખર્ચ થાય છે (૪૧%), ડિલિવરીની ગતિ (૩૯%) અને આંતરરાષ્ટ્રીય વેચનાર પર વિશ્વાસ (૩૯%) છે. ભારતમાં ખરીદદારો પરત આપવા તરફ દોરાઇ ગયા છે -૯૮% ભારતીય ઓનલાઇન ખરીદદારો આઇટમ પાછી વેચનાર/રિટેલરને મોકલે છે. (૧-૭)

# અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

મોડાસા, અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર એમ.નાગરાજનની અધ્યક્ષતામાં મળી હતી. સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સાંસદ દિપસિંહ રાઠોડના રસ્તામાં અંગેના તેમજ જિલ્લાં પંચાયતના પ્રમુખ હંસાબેન પરમારના જળસંચય અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરાયેલ કામગીરી અંગે ચર્ચા કરાઈ હતી. ધોરણ ૧૦ અને ૧૨ના અનુસૂચિત જાતિના વિધાર્થીઓને જાતિ પ્રમાણપત્ર આપવા તેમજ ધનસુરાના કરોલી ગામે જયોતિગ્રામ યોજના અંતર્ગત વીજ કનેકશન આપવા ઉપરાંત રડોદરા મંડળીને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા. ભિલોડાના ધારાસભ્ય ડૉ. અનિલભાઇ જોષીયારાએ વન અધિકાર આપવા, ગ્રામ પંચાયતના વિભાજન બાદ નવિન મકાન બનાવવા તેમજ પેરામેડિકલના વિધાર્થીઓને શિષ્યશવૃતિ સહાયમાં પડતી મુશ્કેલી અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. જયારે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાણી પીણી બજારની વ્યવસ્થાની તપાસ કરવા કહ્યું હતું. બાકી પેન્શન કેસો, કર્મચારીઓના ખાનગી અહેવાલ, કચેરીઓનું નિરીક્ષણ ઓનલાઇન ફરિયાદોનો નિકાલ તેમજ મોડાસાની જીનીયસ સ્કૂલમાં યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર પર્વની ઉજવણી, ખેલમહાકુંભ તેમજ ૭૦મા વન મહોત્સવના ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લો વિકાસ અધિકારી ડૉ.હર્ષિત ગોસાવી,અધિક કલેકટર આર.જે.વલવી, સહિત પ્રાંત અધિકારીઓ અમલીકરણ અધિકારીઓ હાજર રહયા હતા. સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સાંસદ દિપસિંહ રાઠોડના રસ્તામાં અંગેના તેમજ જિલ્લાં પંચાયતના પ્રમુખ હંસાબેન પરમારના જળસંચય અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરાયેલ કામગીરી અંગે ચર્ચા કરાઈ હતી.

# શિક્ષણ લજવાયુ ધોરણ ૧૦ની પુરક પરીક્ષામાં ૪૮ હજારમાંથી ૨ હજાર વિદ્યાર્થી જ પાસ

અમદાવાદ, રાજયમાં દિવસે ને દિવસે શિક્ષણની સ્થિતિ કથળી રહી છે. શિક્ષણની સ્થિતિ સુધારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવતા પ્રયાસો નિષ્ફળ થતા હોય તેવુ લાગી રહ્યું છે. આ કહેવાનું કારણ એ છે કે, રાજ્યમાં છેલ્લા બે-ત્રણ વર્ષથી ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં ગણિત વિષયમાં મોટાભાગના વિદ્યાર્થીઓ નાપાસ થઇ રહ્યા છે. આ નાપાસ થનારા વિદ્યાર્થીઓમાં સૌથી વધારે વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. ફરી એકવાર શિક્ષણ તંત્ર લજવાય તેવું પરિણામ ધોરણ ૧૦ની પૂરક પરીક્ષાનું આવ્યું છે. એક રીપોર્ટ અનુસાર, મંગળવારના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ મહિનામાં લેવામાં આવેલી ધોરણ ૧૦ની પૂરક પરીક્ષાનું રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામમાં સૌથી નબળું પરિણામ ગણિત વિષયનું આવ્યું છે. ગણિત વિષયનું પરિણામ ૪.૨૮ ટકા જ આવ્યું છે. જુલાઈ મહિનામાં રાજયના કુલ ૪૮,૭૪૩ પરીક્ષાર્થીઓએ ગણિતની પરીક્ષા આપી હતી, તેમાથી માત્ર ૨,૦૮૯ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે. ગણિત વિષય પછી વિજ્ઞાન વિષયમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. રાજયના ૪૬,૬૫૬ વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેક્નોલોજીનું પેપર આપ્યું હતું અને આ વિષયમાં ૧૨,૨૯૭ વિદ્યાર્થીઓ જ પાસ થયા હતા. આ બાબતે નિષ્ણાતોનું કહેવું એવું છે કે, ગણિત વિષયનું પેપર અઘરું કાઢવામાં આવ્યું હોવાના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. એક તરફ બે વર્ષથી ધોરણ ૧૦માં નાપાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ઉપરથી આ વર્ષે શિક્ષણ વિભાગ દ્વારા દ્વઝઈઈ્નો અભ્યાસક્રમ લાગુ કરવામાં આવ્યો છે. જો શિક્ષણ વિભાગ દ્વારા આમ જ અઘરા પેપર કાઢવામાં આવશે તો વિદ્યાર્થીઓની મુશ્કેલીઓમાં સતત વધારો થતો રહેશે. પરિણામમાં સૌથી નબળું પરિણામ ગણિત વિષયનું આવ્યું છે.

**KRISHNA CAPITAL & SECURITIES LIMITED**

(CIN: L67120GJ1994PLC023803)
Registered Office: 403, Mauryansh Elanza, B/h. Parekh Hospital, Shyamal Cross Road, Satellite, Ahmedabad: 380015,
Phone: 079-26768572, 26768573,
E-Mail: ksbspl@yahoo.in, Web Site: www.kcsl.co.in

**NOTICE**

Notice is hereby given that a meeting of the Board of Directors of the Company will be held on 14th August, 2019 at 11 a.m. at the Registered Office inter alia to consider and take on record unaudited Financial Result for the 1st quarter ended on 30th June, 2019 under Regulation 29 (1) (a) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

By Order of the Board
**Krishna Capital & Securities Ltd**
Sd/-
Ashokkumar Agrawal
Managing Director
DIN: 00944735

Place: Ahmedabad
Date: 12/08/2019

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-